ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**આ જીવન કેરી નદીના બે કિનારા હોય છે,**
**કોક મીઠા જળ તણા તો કોક ખારા હોય છે.**
**ભાગ્ય કેરી આપદા જાણે અધૂરી લાગતી,**
**ડૂબતાને એ રીતે, ડુબાડનારા હોય છે !**

**- બકુલ રાવલ**

### પાથેય

**- રમેશ ઠક્કર**

## 'દિલેર'લોકોની દુનિયા...

આપણા અનુભવો અગણિત હોઈ શકે પણ એના જે પદાર્થપાઠ હોય છે એ ગણ્યાગાંઠયા શબ્દોમાં સમાવી શકાય એવા હોય છે.વહેતી નદીના બે કિનારા હોઈ શકે.આમ જોઈએ તો એ બંને વચ્ચે ઘણી સમાનતા હોય છે..બેઉ કિનારાની એક જ દિશા હોય છે..બંને એકસરખું આલિંગન આપી નદીને વ્હાલ કરતા રહે છે..કિનારાઓ ભલે સામસામે ગોઠવાયેલા હોય પણ બંને એક જ વંશના વારસદાર જેવા હોય છે.એક કિનારે જે વૈભવ હોય એ બીજા છેડે ના પણ હોઈ શકે..એક કિનારે ધબકતું ગામ હોય તો બીજા કિનારે સૂકીભંઠ સીમ આવેલી હોય..જીવન પણ વહેતી નદી જેવું છે..એકતરફ પ્રેમ અને સ્નેહની સરવાણીઓ છલકાતી રહે છે તો બીજી તરફ સ્વાર્થ અને સંકુચિતતાનાં ખાબોચિયાં છલકાતાં રહે છે !

માણસની મુળભુત પ્રકૃતિ પણ ગજબ હોય છે..જગતમાં જે માણસ સતત સફળ રહેતો હોય કે સાધન સંપન્ન હોય એના માટે અનેક લોકો વિસામો બનવા તત્પર હોય છે.પરંતુ આપત્તિથી ઘેરાયેલા માણસ સામે જોઈ કોઈ મલકાતું પણ નથી ! પડતા ઉપર પાટુ મારવાની આ જગતની આદત છે..કોઈકની દીવાનગી ઉપર ટોળે વળતો માણસ ભીતરથી સંવેદનશીલ કઈ રીતે હોઈ શકે ? અન્યનો ઉચાટ એ ઘણીવખત અમુક લોકો માટે આનંદનો વિષય બની જતો હોય છે..વિપત પડે ત્યારે વલખતા માણસ માટે ઉત્તમ સ્થળ કયું ? એક સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે એમ ઘરનો ખૂણો ! પોતાના હોવાનો દાવો કરતા અંગત લોકો સમય બદલાતાં જ સઢ બદલી નાખતા હોય છે !

દુનિયામાં કારણવગર કોઈકને ટપારવાની ટેવ ઘણાને હોય છે...એમાં સહદયતા ઓછી અને પારકી ચિંતા વધુ હોય છે..જાણેઅજાણે આપણો વડિલભાવ કોઈકને ડંખતો રહે છે..એની પાછળ અન્યના આંતરજગતને ઉખેળવાની ઉત્સુકતા જ બળવત્તર હોય છે..વ્યકિતની સારી બાબતો ગમેતેટલી હોય આપણે એનું અભિવાદન સહજપણે કરતા નથી પરંતુ એકાદ સ્ખલન થકી કોઈને પણ અડફેટે લેવામાં એક છુપો આનંદ સહુ કોઈની નબળાઈ હોઈ શકે..આવો આનંદ એ જ ઘણાને માટે તો જીવવાનો જાણે આધાર પણ હોય છે.

વિફળતા પછી વિસ્મય દાખવતા લોકો કયારેય સાચા સહદયી હોતા નથી...અન્યને અકળાવે એવા શાબ્દિક સજાવટના ગુચ્છ હંમેશાં તુચ્છ માનસિકતાના પરિચાયક જેવા હોઈ શકે..

કોઈકની તકલાદી મિલનસાર વાણી કે શુષ્ક ટપારવાની તાલાવેલી કોઈ રીતે ઉપકારક નથી..એમાં ઉપહાસ તો હોય જ, પણ જીવનસમજણ નો પ્રયાસ નથી હોતો...એટલે જ જગતના આવા 'દિલેર'લોકો વિશે કહેવાયું છે કે..;

**'ટોળે વળે છે કોઇકની દીવાનગી ઊપર,**
**દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે!'**

# સવાસો બેઠકોનું સપનું : માત્ર દિવાસ્વપ્ન

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસ માટે વારંવાર 'ભાંગ્યું ભાગ્યું તોય ભરૂચ' જેવી કહેવત વપરાતી રહે છે અને એમાં તથ્ય પણ છે. દેશની આઝાદીના અમૃત વર્ષમાં અને નેસ્તનાબૂદ કરવાના અથાગ પ્રયાસો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકીય એજંડા મુજબ ચાલુ જ છે. કેન્દ્ર ખાતે અધિકૃત વિપક્ષનો દરજ્જો પણ કોંગ્રેસને ન મળે એ હદે એની બેઠકોની સંખ્યા છેલ્લી બે લોકસભાની ચૂંટણી દરમિયાન ઘટતી રહી છે. રાજયોમાં પણ એનાં સૂપડાં સાફ કરવાની ઝુંબેશ પૂરા જોશથી ચાલી રહી છે અને એ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી મહદંશે સફળ થતી પણ દેખાઈ રહી છે. એમાં ભારતીય જનતા પાર્ટીને સૌથી વધારે મદદગાર બની રહ્યો છે. 'હિંદુત્વ'નો લોકપ્રિય કાર્યક્રમ. અત્યાર સુધી લગભગ દરેક જાણીતા દેવમંદિરને ભાજપનું પ્રચાર કેન્દ્ર બનાવી દેવાયું છે, પછી તે સોમનાથ હોય, કાશી વિશ્વનાથ હોય કે અયોધ્યાની રામજન્મભૂમિ અને મથુરાની કૃષ્ણ જન્મ ભૂમિ હોય. કોંગ્રેસની બિનસાંપ્રદાયિકતા નીતિ સામે ભાજપની ઝુંબેશને બહુમતી હિંદુ પ્રજાનું ખુલ્લું અને ઉમળકાભર્યું સમર્થન સાંપડતું રહ્યું છે એથી કોંગ્રેસને પણ 'સોફટ હિંદુત્વ' જેવી નવી સ્ટ્રેટેજી અપનાવવી પડી છે. ભગવા રંગનો ભાજપે કસ કાઢવામાં બાકી નથી રાખ્યું. હવે ભગવા રંગની વિશિષ્ટ ઉત્તરાખંડ-હિમાચલપ્રદેશ શૈલીની ટોપીઓનો રાફડો ફાટ્યો છે. એકવાર નરેન્દ્ર મોદી સંકેત આપે કે તરત આજ્ઞાંકિત કાર્યકર્તાઓ એનો અમલ કરવા લાગે છે. કોંગ્રેસ મૃતપ્રાય થઈ હોવા છતાં એમાં જે બચ્યા છે તે બધા 'નેતા' છે, જેમનું કશું વજૂદ નથી. જયારે ભાજપમાં મોદી સિવાય બધા કાર્યકર્તા છે. દીવા જેવું સ્પષ્ટ છે કે દેશમાં મોદી એક માત્ર નેતા છે અને તે અજેય છે, એમની ટક્કરનો કોઈ નેતા પક્ષ પાસે નથી અને વિપક્ષો કોઈ એક નેતાના નામ પર સહમત થઈ આગામી ચૂંટણીમાં ઊતરે એવી કોઈ શકયતા નથી. હવે મોંઘવારી જેવા મુદ્દા આઉટ ઓફ ડેટ થઈ ગયા છે. ગેસ, પેટ્રોલ, ડીઝલ કે જીવન જરૂરિયાતની બીજી ચીજવસ્તુઓના ભાવ આસમાને જાય એમાં પ્રજાને વાંધો નથી. પ્રજાને હવે કોંગ્રેસમાં રસ જ નથી રહ્યો એવું છેલ્લે થયેલી રાજયોની વિધાનસભાની ચૂંટણીઓએ પુરવાર કરી દીધું છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ આ કઠોર વાસ્તવથી અજાણ નથી પરંતુ કકડભૂસ કરતી ધસી પડી રેહલી ભવ્ય ઈમારતના ખંડિત અવશેષો પણ બચાવવાનો પુરુષાર્થ કોંગ્રેસની માલિકી ધરાવતો આ પરિવાર ઈમાનદારીપૂર્વક કરી રહ્યો છે. એનું પ્રમાણ કયારેક કોઈ પણ પાર્ટીમાં તો કયારે વિદેશમાં ગૂમ થઈ જતા રાહુલ ગાંધીની દાહોદ ખાતે યોજાયેલ આદિવાસી સંમેલનના ભાષણમાં જોઈ શકાય છે. કોંગ્રેસના સ્થાનિક નેતૃત્વમાં દમ નથી. એને હવે કોઈ જાદુઈ તારણહાર મળી જવાની શકયતા પણ નથી. જી-૨૩ વાળા બૌદ્ધિકોનું એમના ફળિયામાં પણ ઊપજતું નથી. જે થોડા પ્રદેશોમાં સ્થાનિક નેતાઓ લોકપ્રિય છે ત્યાં પણ જૂથવાદનું ઝેર ફેલાયેલું છે. સચીન પાઈલટે રાજસ્થાનના મુખ્યમંત્રી બદલી નાખવાની નોટિસ પાઠવી દીધી છે. છત્તીસગઢમાં પણ જૂથવાદ છે. આમ છતાં ઢોળાઈ ગયેલા દૂધને પાછું વાસણમાં ભરવાના પ્રયાસો પૈકીનો જ એક તે દાહોદ ખાતે યોજાયેલ આદિવાસી રેલી ! રાહુલ ગાંધીએ આદિવાસીઓને ગમી જાય એવું ભાષણ કર્યું. ગુજરાતમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો એમાં આદિવાસી ધારાસભ્યોનું જ વર્ચસ્વ રહેશે એવી ખાતરી આપીને એમણે ખેડબ્રહ્મા બેઠકવાળા અશ્વિન કોટવાલની જેમ બીજા આદિવાસી ધારાસભ્યો પણ કેસરિયો ખેસ પહેરવા કતારમાં ન ઊભા રહે એટલી ખાતરી તો જરૂર મેળવી હશે. રાહુલ ગાંધીને ખબર હોવી જોઈએ કે દક્ષિણ ગુજરાતની આદિવાસી પટ્ટી પર હવે ભાજપ ભારે પડી શકે એમ છે અને ભરૂચ-નર્મદા પાસેની બેઠકો પર બીપીટી હાવી રહ્યું છે, જેણે 'આપ' સાથે સમજૂતી કરી લીધી છે. રાહુલ ગાંધીએ આદિવાસી બેઠકો ઉપરાંત સૌરાષ્ટ્રની પાટીદાર બેઠકો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પ્રશાંત કિશોરે પાટીદાર આગેવાન નરેશ પટેલને કોંગ્રેસમાં જોડાઈ જવા લગભગ સહમત કરી દીધા હતા, પણ છેલ્લે પ્રશાંત કિશોર જ કોંગ્રેસથી નારાજ થઈ ગયા છે. આવા સંજોગોમાં ગુજરાતમાં કોંગ્રેસથી નારાજ થઈ ગયા છે. આવા સંજોગોમાં ગુજરાતમાં કોંગ્રેસ માટે ૧૨૫ બેઠકોનું સપનું દિવાસ્વપ્ન જ બની રહે એમ લાગે છે.

# પ્રેમ મૂર્ખોની બુદ્ધિમત્તા અને બુદ્ધિમાનની મૂર્ખતા છે

**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**



**પરિણય નામ છે સંસારયજ્ઞે ભેળા તપવાનું,**
**પ્રણયના સાત પગલાંથી નવી કેડીઓ રચવાનું;**
**વફાનું બાંધી મંગળસૂત્ર પોતે પણ બંધાવાનું,**
**વટાવી ઉંબરો 'હું' નો, 'અમે' આ ઘરમાં વસવાનું !**

**- વિવેક મનહર ટેલર**

•••

હમણાં મહેસાણા પાટીદાર સમાજે (કહેવાતાં!) ! પ્રેમલગ્નના નામે થતાં ભાગેડુંલગ્ન સામે સરકારી રાહે કેટલાક સુધારા સૂચવ્યા... મારી દષ્ટિએ જે ઈચ્છનીય જ નહીં પરંતુ સાંપ્રત સમય માટે અનિવાર્ય તાતી જરૂરિયાતના ભાગ રુપે છે.... અન્ય સમાજોએ પણ આ વિચારમાં સૂર પુરાવી જન આંદોલન જગાવવું ઘટે !!

આજના યુવક-યુવકીઓ પર ફિલ્મો, ટી.વી. શ્રેણીઓ, મોબાઈલ, ઈન્ટરનેટ જેવા માસ મીડિયાની પ્રભાવક અસર દિલો-દિમાગ પર છવાઈ ગઈ છે, શૃંગારિક પ્રેમાલાપોતી યુવા વર્ગ અંજાઈ ગયો છે. કાલ્પનિક વિચાર સૃષ્ટિ દશ્ય-શ્રાવ્ય માધ્યમોથી વાસ્તવિકતા રૂપે પ્રત્યક્ષ નિહાળી તેનાથી ભરમાઈને 'ભાગી જનારાં' છોકરા-છોકરીઓના કિસ્સા ભયજનક રીતે વધતા જાય છે. સોશિયલ મીડિયા, મોબાઈલ ને કારણે પરિચય કેળવી ભાગેલું લગ્ન કરી લે છે. પછી તો સમય સાથે પ્રેમની અગ્નિપરીક્ષા શરૂ થાય છે. પૈસા કે દાગીના પૂરાં થતાં દિવસે તારા દેખાવા લાગે. પ્રેમના ઉન્માદો શમવા લાગે છે. આંખમાં આંજેલા કિનખાબી શમણાં કઠોર દુનિયાની કડવી વાસ્તવિકતા સાથે અથડાઈને ભાંગીને ભુક્કો થઈ જાય છે... બીજી બાજુ મા-બાપની ઊંઘ હરામ થઈ જાય છે. પોતાના 'વ્હાલ સોયાં' કે 'કાળજાના ટુકડા'ને શધવા આકાશ-પાતાળ એક કરનારા મા-બાપના હૈયાનો ચિત્કાર આવાં અબુધ, ઉન્દી અપરિપક્વ માનસને ક્યાંથી સંભળાય ?!!

આ સાંપ્રત કડવા વાસ્તવને નાથવું અત્યંત આવશ્યક છે. પશ્ચિમી રવાડે ચઢેલી આજની પેઢીએ સમાજ વ્યવસ્થાની ઈમારતને ખંડેર કરી મૂકી છે. આપણી આદર્શ વિવાહ સંસ્થાના પાયામાં લૂણો લગાડી દીધો છે. પ્રત્યેક રાષ્ટ્રને તેની સમાજ વ્યવસ્થા હોય છે, અને તે વ્યવસ્થા જેટલી નિકૃષ્ટ તેટલું રાષ્ટ્ર પછાત. આ ભારત તો જીવનના પરમોચ્ચ પાઠ શીખવનારો દેશ છે. એક કાળની ઉત્કૃષ્ટ સમાજ વ્યવસ્થા આજે બગડી ચૂકી છે, ત્યારે સમાજ હિતચિંતકો અને શાસકોએ સવેળા જાગવાની જરૂર છે. પાટીદાર સમાજ જાગી ચૂક્યો છે... અન્ય સમાજો એ આવી પહેલ આદરવી રહી...

દોસ્તો, વિવાહ શબ્દ 'વહ્' ધાતુ અને 'વિ' ઉપસર્ગ મળીને 'લઈ આવવું' એવા અર્થમાં પ્રયોજયો છે. શ્વસુર ગૃહથી કન્યાને ગૃહસ્થાશ્રમ માટે લઈ આવવી એ અર્થ અભિપ્રેત છે. વિવાહ બાદ કન્યા પતિના ગોત્રમાં મળી જતી હોવાથી વિવાદને બદલે લગ્ન શબ્દ પર વપરાય છે. લગ્ન એટલે જોડાણ. વરવધૂ એકબીજાના થાય. લગ્નને યજ્ઞ કહેવામાં આવેલ છે. જે વ્યક્તિ વિવાદ કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતો નથી તેને શાસ્ત્રો યજ્ઞહીન કહે છે. બીજું કે સ્ત્રીઓ પાસે લગ્ન સિવાય કોઈ પણ સંસ્કાર કે વિધિને મંત્રથી કરાવવામાં આવતા નથી. માત્ર લગ્ન સંસ્કાર જ સ્ત્રી માટે સમંત્રક કરાય છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં લગ્ન કરેલ પતિ પત્ની સાથે રહે તેનો સમાજ સ્વીકાર કરે છે. સમાજમાં માન- મોભાભેર જીવવા લગ્ન કરવા આવશ્યક છે. સમાજ માન્ય સંબંધો બાંધી પ્રજોત્પત્તિ કરીને સમાજ - રાષ્ટ્રનું નિર્માણ કરવું એ જ લગ્નની મહત્તા છે.

આજે વિવાહ સંસ્થાની આવી ઉત્તમ પ્રણાલિનું હનન થઈ રહ્યું છે. પ્રેમ લગ્નના બહાને અસામાજિક તત્ત્વોની માયાજાળમાં ફસાયેલી યુવતીઓનાં ભાગેડું લગ્નોની ભરમાર ગામડે ગામડે દિન પ્રતિદિન વધતી જાય છે. આજકાલ પ્રેમલગ્નો અને છૂટાછેડાની આંધી ઉપડી છે. આ પ્રેમલગ્નોની ગુલબાંગ પોકારનારાઓને મારે પૂછવું છે. શું અગાઉના લગ્નો - વિવાહો શું દ્વેષ વિવાહો હતા ?! અરે, મોટાભાગનાં પ્રેમ લગ્નોનો 'પ્રેમ' પસ્તાય છે ને દ્વેષમાં પરિણમે છે. જયારે પરણ્યા પછીનો પ્રેમ આમરણાંત ટકી જાય છે. આ તો પ્રેમ હોય ત્યાં સુધી ને પ્રેમ ખલાસ એટલે છુટ્ટાં...!!

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય પરીચારિકા દિવસ
- ફ્લોરેન્સ નાઈટિંગલની જન્મજયંતિ. તેઓ આધુનિક નર્સિંગ વ્યવસાયનાં સ્થાપક - પ્રણેતા કહેવાય છે.

### આજનું ઔષધ

- રોજ સવારે સફરજનનો મુરબ્બો ખાવાથી યાદશક્તિ તેજ બની બી.પી. સામાન્ય થઈ જાય છે.

### ખડખડાટ

- ફ્રિજ અને ઈન્ટાગ્રામ આ બંને એવી વસ્તુ છે જેમાં ખબર છે આમાં કઈ નથી તોય લોકો વારે ઘડીયે એ ખોલી ખોલીને ચેક કરે છે.

### આજનો વોટ્સએપ

- જેની વાતથી તમારું મન અશાંત થઈ જાય તેવી વ્યક્તિ પાસે ન બેસો કે ન તમારી પાસે બેસાડો...

# એ પર્સ આખરે મારી પાસે પાછું આવી ગયું

**સ-રસ**
**મમતા બુચ**



"સાબ, આપકી જેબસે યે ગિરા થા." એણે કહ્યું. મારો જીવ હેઠો બેઠો. હા...શ! આખરે મળી ગયું. જેણે મને ક્યારનો ય હાંફળો-ફાંફળો બનાવી દીધો હતો એ પર્સ આખરે મારી પાસે પાછું આવી ગયું.

"સાબ, દેખ લો, પૂરે પૈસે વગેરહ હૈ ના?" એના ચહેરા ઉપર સરળતા ટપકતી હતી. મને સહેજ સંકોચ થયો. સાચું પૂછો તો મને પણ આ વિચાર આવ્યો હતો. પણ જેણે મને પર્સ પાછું આપવાની સજ્જનતા બતાવી હતી એની સામે જ એને ચેક કેમ કરાય? મેં કહ્યું, "તુમને મેરા પર્સ ઢૂંઢ કરકે વાપસ દિયા ઈસકા મતલબ હી યે હૈ કિ ઈસમેંસે કુછ ગયા નહીં." એ સહેજ હસ્યો, "ફિર ભી.....ઔર મૈંને ઢૂંઢા નહીં, આપ જબ ગાડીસે બંગલેકા ગેટ ખોલને નીચે ઉતરે તબ વો આપકી જેબસે ગિર ગયા થા. મૈંને વો દેખા. આપકો બહુત આવાઝ લગાઈ પર ઉતની દેરમેં આપ બંગલેકે અંદર ચલે ગયે થે. ક્યૂંકી મૈં થોડી દૂરી પર થા."

હવે આખી વાતનો તાળો બેસી ગયો હતો. મેં ઘર આગળ આવીને ઘણી વાર સુધી હોર્ન માર્યું પણ ચોકીદાર આઘો-પાછો હતો એટલે એ દેખાયો નહીં. આજ ડ્રાઈવર પહેલેથી જ નહોતો આવ્યો, એમાં ચોકીદારની પણ ફરજચૂક જોઈને મારો પિત્તો ગયો હતો. મેં જાતે જ ગેટ ખોલ્યો હતો અને પછી ગાડીમાં ફરી બેસીને બંગલાના પાર્કિંગ સુધી ડ્રાઈવ કરી ગયો હતો.

ઘરે પહોંચીને મેં કપડાં બદલ્યાં અને મારો હાથ ગજવા ઉપર ગયો ત્યારે ખ્યાલ આવ્યો કે એમાં પર્સ નહોતું. એમાં પૈસા ઉપરાંત બેંકનાં ક્રેડિટ કાર્ડ્સ પણ હતાં. પોલીસ ફરિયાદ, સ્ટોપ પેમેન્ટ, ન્યૂઝપેપરમાં જાહેરાત-એકસામટા કેટલાય વિચારો મને આવી ગયા હતા.

પણ ત્યાં જ આ સામાન્ય દેખાતો યુવાન મારી તમામ મૂંઝવણોનો અંત લઈને ક્યાંકથી પ્રગટ્યો હતો. મેં એને બેસવા આગ્રહ કર્યો. એ બોલ્યો, "નહીં સાબ, મેરી બીવી ઔર બચ્ચા વહાં પેડકે નીચે બેઠે મેરા ઈંતઝાર કર રહે હૈં." મને આશ્ચર્ય થયું, આટલી ધોમધખતી ગરમીમાં બપોરના સમયે આ ક્યાં જતો હશે!

મેં કહ્યું, "બસકી રાહ દેખ રહે હો?" એ મૂરઝાયેલા ફૂલ જેવું હસ્યો, "બસ પકડકે જાયેંગે કહાં? કોઈ ઠીકાના ભી તો હોના ચાહીયે." મને સમજ તો પડી નહીં પણ મેં એ બાબતમાં વધુ ન પૂછ્યું.

મેં એને એની સજ્જનતાનો કંઈક બદલો આપવા ગજવામાં હાથ નાખ્યો. "રહને દો સાબ, ઈન્સાન ઈન્સાનકે કામ નહીં આયેગા તો ઔર કૌન આયેગા?" એટલું કહીને એ ચાલતો થયો. અને મને વિચારમાં નાખતો ગયો.

મને સ્થિર ઊભેલો જોઈને અંદરના રૂમમાંથી હેમા આવી. 'શું વિચાર કરો છો?" મેં જે બન્યું હતું તે બધું કહ્યું. હેમાના ચહેરા ઉપર ચમક આવી, "આ તો ખૂબ સારો માણસ લાગે છે. આપણે આવા જ માણસની જરૂર છે ઘરનું અને બહારનું કામ સંભાળવા માટે. તમે તો આખો દિવસ કામથી બહાર રહો છો. મનીષ જ્યારથી કામ છોડીને ગયો છે ત્યારથી આપણને કોઈ બીજો સારો માણસ મળતો નથી." છતાં પણ હું વિમાસણમાં હતો. "હેમા, એ એકલો નથી. એનું ફેમિલી એની સાથે છે." એમાં તો હેમા વધુ રાજી થઈ, "હા, તો તો વધુ સારું. મારે ઘરમાં એની પત્નીની મદદ રહેશે. એનું બાળક આપણા તનય સાથે રમશે તો તનય પણ ખુશ થશે."

હું હજી પણ વિચારી રહ્યો હતો, "હેમા, એ માણસની ઝાઝી ખબર આપણને નથી." હેમા બોલી, "જુઓ ધીમંત, આપણે કોઈ માણસને આપણે ત્યાં રાખીએ તો એ વિશ્વાસપાત્ર છે કે નહીં એ ચેક કરીએ, બરાબર ને? એ કસોટી તો એ પાસ કરીને આવ્યો છે. હવે વધુ વખત ન બગાડો અને એને બોલાવી લો."

મેં બાલ્કનીમાંથી નજર નાખી. એ હજી પણ એની પત્ની અને બાળક સાથે ત્યાં જ બેઠો હતો. મેં એને અંદર બોલાવ્યો. એ આવીને ઊભો રહ્યો. સવાલ-જવાબનો સિલસિલો શરૂ થયો. "તુમ્હારા નામ?" "રાજ." "કહાંસે હો?" "બિહારસે." "યહાં.....?"

જવાબમાં રાજે જે કહ્યું એનો ટૂંકસાર એ હતો કે એ બિહારમાં એની પત્ની હિના અને નાનકડા મુન્ના સાથે રહેતો હતો. નાનકડું ખેતર અને એવું જ નાનકડું ઘર પણ હતું. પણ કોઈ કારણસર ખેતરનો ખેડાયેલો પાક બળી ગયો. એની ઝાળ ઘરને પણ લાગી ગઈ અને રાજ રસ્તા ઉપર આવી ગયો. ગુજરાતમાં રોજગારી મળશે એ આશાએ અહીં આવી ચઢ્યો હતો અને નોકરીની શોધમાં હતો.

અમારે પરસ્પર એકબીજાની જરૂર હતી. મારા બંગલાના સર્વન્ટ કોટેજમાં મેં એને ફેમિલી સાથે રહેવા અને ઘરનું બધું કામ કરવા સાથે જે પગાર આપવાની વાત કરી એ એણે સહર્ષ સ્વીકારી લીધી. થોડા જ દિવસમાં રાજ અને એનું કુટુંબ અમારી સાથે હળી-ભળી ગયાં. હેમા પણ હવે ખુશ હતી અને તનયને પણ મુન્નાની કંપની મળી ગઈ હતી.

એ દિવસે હું ઓફિસમાં કામમાં વ્યસ્ત હતો પણ વારે-વારે હેમાનું નામ મારા મોબાઈલ ઉપર ફ્લેશ થયા કરતું હતું. આખરે કંટાળીને મેં ફોન ઉપાડયો, "શું છે હેમા? મારે અત્યારે બહુ અગત્યનું કામ ચાલે છે." સામે છેડેથી હેમાનો ગભરાયેલો સ્વર સંભળાયો, "દિકરાથી વધુ અગત્યનું કામ કોઈ હોઈ શકે? તમે એ.સી.ચેમ્બરમાં બેસીને કામ કર્યા કરો છો એટલે તમને ખબર નથી પણ શહેરમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે હુલ્લડ ફાટી નીકળ્યું છે અને તનય હજી સુધી સ્કૂલથી ઘરે નથી આવ્યો."

મારો જીવ ઊંચો થઈ ગયો. બધું કામ પડતું મૂકીને હું તનયની સ્કૂલે દોડ્યો. રસ્તામાં જે દ્રશ્યો જોવા મળ્યાં એ થથરાવી મૂકે એવાં હતાં. તનયની સ્કૂલ આગળ એનાથી પણ ભયાનક દ્રશ્ય હતું. એક મોટું ટોળું ઊભેલું હતું જેમાં દરેકના હાથમાં કોઈક ને કોઈક હથિયાર હતું. અને સામે?

સામે રાજ તનયને તેડીને ઊભો હતો. એના ચહેરા ઉપર શૌર્ય અને આક્રોશ એક સાથે ચમકતાં હતાં, "ખબરદાર, કિસીને એક કદમ ભી

અનુસંધાન પાના નં. ૭ પર

# તમે કેટલા પ્રકારના ગ્રાહકો જોયા છે

**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**



એક દુકાનની અંદર મોટા અક્ષરે એક સૂચના લખેલી હતી, "અહીંયા કામ કરનાર માણસો છે રોબોટ નહીં એટલે એ તમારી મુશ્કેલી સમજે છે, થોડી તમે પણ સમજો.' આ સૂચનાની નીચે દુકાન ખૂલવાનો અને બંધ કરવાનો સમય લખેલો હતો.

એ દુકાનમાં કપડાં વેચાતાં હતાં. સવારે દસથી લઈને રાતના આઠ વાગ્યા સુધી દુકાન ખુલ્લી રાખવી એવું દુકાનદારે નક્કી કર્યું હતું પણ કેટલાક ખાસ પ્રકારના ગ્રાહકને લીધે એ સમયપત્રક ભાગ્યે જ જળવાતું અને એ માટે જ એ સૂચના લખાઈ હતી. આ ખાસ પ્રકારના ગ્રાહકોમાં સૌથી પહેલા આવે કુકડા જેવા ગ્રાહકો!

સવારે સાત સાડા થયા હોય, દુકાનદાર હજી તો બગાસા ખાતો સવારની ચા પીતા પીતા છાપાના પાના ફેરવતો હોય અને આ કુકડા જેવા ગ્રાહકોનો ફોન આવ્યો સમજો, "દુકાન ખુલ્લી છે?" દુકાનદાર એટલે પાછા ધંધાદારી જીવ એ શુકન અપશુકનમાં માને, એમને મનમાં ભલે ગમે એટલો ગુસ્સો આવે તોય સવારે આવેલાં ગ્રાહકના પહેલાં જ ફોનમાં એમને સારી બોણીની આશા હોય. એ ખૂબ શાંતિથી જવાબ આપતા કહેશે, "દુકાન ખૂલવાનો સમય દસ વાગ્યાનો છે. તમે ત્યારે આવી જાઓ."

"હેં શું કહ્યું, દસ વાગ્યે દુકાન ખુલશે? આવું ના ચાલે ભલા માણસ! દસ વાગ્યે તો મારે ઑફિસ જવાનું હોય ત્યારે મારે સમય ના હોય. તમે હાલ આવી શકો એમ નથી?"

"મારે એક હાથ રૂમાલ ખરીદવો છે. મારા બાબલાને સાડા નવે સ્કૂલમાં જવાનું છે ત્યારે એને એ સાથે લઈ જવાનો છે. આમ તો અમે લોકો રવિવારે જ તમારી દુકાને આવેલા પણ ત્યાં એટલી બધી ભીડ હતી, મને થયું કે એક રૂમાલ લેવા માટે ખોટો અડધો કલાક બગડશે એના કરતાં સોમવારે સવારે આવીને જ લઈ જઈશ એટલે અત્યારે ફોન કર્યો. તો તમે આવો છો ને?"

બીજો એક પ્રકાર છે પસંદગીનો અભાવ હોય એવા ગ્રાહકોનો. આવા પ્રકારના ગ્રાહકોને એમને પોતાને શું ગમે છે એ વિશે કોઈ પણ પ્રકારની જાણ નથી હોતી. એ દુકાનમાં પ્રવેશે એટલે તરત કહેશે, "લેટેસ્ટ આઈટમ બતાવો." હવે આ લેટેસ્ટ આઈટમ એટલે શું એ તો રામ જાણે પણ હોશિયાર દુકાનદાર એના માણસને બૂમ પાડશે, "અરે પેલો હમણાં જ નવો માલ આવ્યો છે ને, બહારથી એ બતાવ." પછી ત્યાં કામ કરનાર માણસ કબાટ ખોલીને જે હાથ લાગી એ વેરાયટી કાઢીને એક પછી એક દેખાડશે.

"આ તો મારા કાકાની દીકરી પાસે છે, આવી સાડી તો મારી નણંદ પહેરે, આ ડિઝાઈન સારી છે પણ રંગ નથી ગમતો, આનો રંગ સારો છે પણ ડિઝાઈન ઓલ્ડ ફેશન છે. તમે પેલી સાડીમાં જે ડિઝાઈન છે એને આ રંગમાં દેખાડો ને.' સાડીઓ બતાવનારને ચક્કર આવી જાય. એને થાય કે એની પાસે જો અલ્લાદીનનો ચિરાગ હોત જેમાંથી કોઈ જીન બહાર નીકળીને આવતો હોત અને એને જો આ પાર્ટીને સાડીઓ બતાવવા રાખ્યો હોત તો નક્કી એ પણ કંટાળીને પાછો ચિરાગમાં ચાલ્યો જાત. આખી દુકાનની સાડીઓ, ડ્રેસ, ડ્રેસ મટીરીયલ બધું જોઈ લીધા બાદ પણ ગ્રાહકને ગમે એવું કંઈ ના મળે. ક્યાંક કોઈ પીસ એનાં મનમાં વસી પણ જાય તો તરત સાથે આવેલું કોઈ ટહુકે, આ કંઈ એટલો ખાસ નથી અને એ પાછું મુકાઈ જાય. દુકાનમાં ત્રણ કલાક સાડીઓ જોયા બાદ, નવો જૂનો બધો માલ તપાસી લીધા બાદ, તમારી પાસે વધારે વેરાયટી નથી એમ કહીને કંઈ પણ લીધા વગર નીકળી જનાર ગ્રાહક એટલે પસંદગીનો અભાવ પ્રકારના ગ્રાહક.

ત્રીજો પ્રકાર છે મજાકિયા ગ્રાહકોનો. એ દુકાનમાં કંઈ ખરીદવા નહીં પણ મજાક કરવા જ પધાર્યા હોય. દુકાનમાં હાજર દરેક માણસ સાથે એ કોઈ ને કોઈ વાતે મજાક કરશે અને સામેવાળો હસે ના હસે એ પોતે ખડખડાટ હસે રાખશે. પાછા આ લોકો આટલેથી અટકશે નહીં, સાડીઓની દુકાનમાં જે ભાઈ સાડીઓ બતાવતો હોય એ તે સાડી પહેર્યા બાદ કેવી લાગશે એ દેખાડવા એ પોતે સાડી લપેટીને દેખાડતો હોય છે. આ પ્રકારના ગ્રાહકને જાણે એ સીનમાં જ કોઈ અદભૂત આનંદ આવતો હોય એમ વારાફરતી કેટલીય સાડીઓ એ ભાઈને પહેરાવશે, એમને જોઈને દરેક વખતે કોઈ મજાક કરશે અને મોટેથી હસી પડશે. એ સાડી

અનુસંધાન પાના નં. ૭ પર

# કેરી અને આરોગ્ય

**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડૉ. કેદાર ઉપાધ્યાય**



દરેકને ભાવતી કેરીનું આગમન શહેરમાં થઈ ચુક્યુ છે. ૪૫ ડીગ્રી ગરમીમાં આનંદ આપતી અમુક જૂજ ઘટનાઓમાં એક એટલે કેરી. વેકેશનનો ગાળો હોય, ઘર સગા વ્હાલાઓ થી ભર્યુ ભર્યુ હોય, અને બપોરે જમણમાં કેરી હોય, એટલે ઉનાળો ગમે તેટલો અકળાવનારો હોય, તો ય સાર્થક લાગે. આજે આપણે કેરીની આરોગ્ય વિષયક વાતો જાણીએ.

આયુર્વેદમાં કેરી વિષે પ્રચૂર વર્ણન છે. સંહિતાઓ થી લઈને નિઘંટુઓ સુધી કેરીનું વર્ણન જોવા મળે છે. ચરકસંહિતામાં કેરીનું કષાયસ્કંધ અને અમ્લસ્કન્ધમાં વર્ણન છે (ચરકસંહિતામાં દ્રવ્યોનું વર્ગિકરણ 'સ્કન્ધ' માં કરાયુ છે) યોગરત્નાકર નામના ગ્રંથમાં તો કેરીને 'ફલાધિરાજ' નુ સંબોધન કરાયુ છે.

કેરીના ગુણો ની વાત કરીએ તો કાચી કેરી, પાકી કેરી, ખાટી તેમજ મીઠી કેરી, આદિ પ્રમાણે કેરીના અલગ અલગ ગુણો હોય. જેમકે કાચી કેરી વાયુ તથા પિત્તને વધારનારી, રૂક્ષ, ઉષ્ણ, સુગંધી, રૂચિકર, તેમજ પ્રમેહ અને અતિસારમાં હિતકર છે. જયારે પાકી કેરી વાયુને મટાડનાર, બલવર્ધક, વર્ણને સુધારનાર, પચવામાં ભારે, તથા સુખની અનુભૂતિ કરાવનાર છે. પાકી પણ ખાટી હોય તેવી કેરી લોહિવિકાર, પેટના રોગો, આંખના રોગો, ચામડીનાં રોગો તથા પિત્ત વધારનાર છે. મીઠી કેરી હિતકર છે. પચવામાં થોડી ભારે હોવાથી કેરીના રસની સાથે સૂંઠ લેવામાં આવે છે, જે ફાયદાકારક છે.

આપણે લોકો કેરીના અનેકવિધ ઉપયોગો કરીએ છીએ, જેમકે કેરીનો મુરબ્બો બને, કેરીનું ગોળીયા, મેથીયા, બોળ પ્રકારનુ અથાણુ બને, કાચી કેરીમાં ગોળ-જીરુ નાખીને ખવાય, બાફલો બનાવીને પીવાય, કાચી કેરીના આમ્બોળીયા બને, ખાટી કેરીનું રાયતુ બને, કાચી કેરીની છાલ ઉતારી ટુકડા કરી તડકે સુકવીને આમચૂર બને, પાકી કેરીનો રસ ખવાય તેમજ લસ્સી થી લઈને આઈસક્રીમ સુધી પાકી કેરીનુ ચલણ છે. કેરીના ગોઠલામાં થી ગોઠલી નીકળે જેને સુકવીને મુખવાસ બને.

આ બધી ચીજોના પોતાના ગુણો છે, અવગુણો પણ છે. અતિમાત્રામાં કોઈપણ વસ્તુ તકલીફ કરે, અને યોગ્ય માત્રામાં આનંદ પણ આપે અને ગુણ પણ કરે. યુનાનિ વૈદકમાં પણ પાકી કેરી વિષે ઘણુ લખાયું છે. પાકી કેરી ચરબી વધારનાર, ખુશ કરનાર, ઝાડો સાફ લાવનાર, પેશાબ વધારનાર છે.

આયુર્વેદમાં આંબાનો ઔષધ તરીકે ખૂબ ઉપયોગ કરાયેલો છે. જેમકે લોહીના ઝાડામાં આંબાના પાન નો રસ ઉપયોગી છે, આંબાની ગોઠલીનું ચૂર્ણ કરમીયા પર અસરકારક છે, દૂઝતા હરસમાં આંબાની ગોઠલીનું ચૂર્ણ મધ સાથે લઈ શકાય, નાકમાં થી લોહી પડતુ હોય (નસકોરી ફૂટે તો) પણ ગોઠલીનું ચૂર્ણ અસરકારક છે. શરીરમાં ગરમી નીકળી હોય તો આંબાની આંતરછાલનું ચૂર્ણ દહિં સાથે લેવાથી ફાયદો થાય છે. આમચૂરને પાણીમાં ઘસીને લગાવવાથી વિંછી આદિના વિષ દૂર થાય છે. આંબાના ઝાડનો ગુંદ ચામડીના રોગોમાં અસરકારક છે. પાકી કેરી પાચનતંત્રને સુધારે છે, શક્તિદાયક છે, વજન વધારનાર છે, વીર્યવૃદ્ધિ કરનાર છે, રક્તવૃદ્ધિ તેમજ રક્તશુદ્ધિ કરનાર છે.

આયુર્વેદમાં આંબાના અનેક ઉપયોગી ઔષધયોગો તેમજ પ્રયોગોનું વર્ણન છે. વ્યક્તિની પ્રકૃતિ તેમજ તેના બલઅનુસાર યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાથી ચોક્કસથી ફાયદો થાય. આ ધોમધખતા ઉનાળામાં આહ્લાદક કેરીની મજા લઈએ અને નિરામય રહીએ...

(M) 9879471147